ગુજરાત નેચરલ ફાર્મિંગ એન્ડ ઓર્ગનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સીટી, હાલોલ કેમ્પ: આણંદ

**૨૦૨૨-૨૩**

# એક વર્ષની કાર્યસિદ્ધિ

## (જુલાઇ ૨૦૨૨- જૂન ૨૦૨૩)

## ONE YEAR ACHIEVEMENTS

# <u>ગુજરાત નેચરલ ફાર્મિંગ એન્ડ ઓર્ગેનિક એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી, હાલોલ -કેમ્પ: આણંદ</u>

**સ્થાપના :**

- ગુજરાત સરકારે રાજ્યની ઓર્ગેનિક નીતિ-૨૦૧૫ જાહેર કરી.
- આ જ દિશામાં આગળ વધી ઓર્ગેનિક ફાર્મિંગના પ્રચાર પ્રસાર થકી ગુજરાતની ખેતીને ઉન્નત કરવાના આશયથી ગુજરાત રાજ્ય સરકારે અધિનિયમ ક્રમાંક ૧૬, ૨૦૧૭ અન્વયે ગુજરાત ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટીની સ્થાપના કરી.
- ગુજરાત ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી સુધારા અધિનિયમ ૨, ૨૦૨૨ અન્વયે યુનિવર્સિટીનું નવું નામાભિકરણ “**ગુજરાત નેચરલ ફાર્મિંગ એન્ડ ઓર્ગેનિક એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી (ગુજરાત પ્રાકૃતિક -વ- સેંદ્રિય કૃષિ વિશ્વવિધ્યાલય)**” કરવામાં આવ્યું.

| | |
|---|---|
|  |  |
| **મહામહીમ રાજ્યપાલશ્રી આચાર્યદેવવ્રતજીની ઉપસ્થિતિમાં શિલાન્યાસ કાર્યક્રમ – હાલોલ** | **મહામહીમ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી દ્વારા વૃક્ષારોપણ- હાલોલ** |

**હેતુઓ :**

- પ્રાકૃતિક કૃષિમાં સંસોધન, શિક્ષણ અને વિસ્તરણની કામગીરી થકી ગુજરાત રાજ્યને પ્રાકૃતિક કૃષિમય બનાવવું.

**વડુ મથક:** ગુજરાત નેચરલ ફાર્મિંગ એન્ડ ઓર્ગેનિક એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી, જાંબુડી ફાર્મ, હાલોલ – પંચમહાલ

**હાલનું સરનામું:** ગુજરાત નેચરલ ફાર્મિંગ એન્ડ ઓર્ગેનિક એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી, એટિક બિલ્ડિંગ, બોરસદ ચોકડી, આણંદ

**૧) શિક્ષણ :** ICAR ના ધારા ધોરણ મુજબ અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમ MSc. (એગ્રી.) ઓર્ગેનિક ફાર્મિંગ શરૂ કરેલ છે.

| વર્ષ | પ્રવેશ ક્ષમતા | પ્રવેશ મેળવેલ વિધાર્થીઓની સંખ્યા | અભ્યાસ પૂર્ણ કરેલ વિધાર્થીઓની સંખ્યા | ચાલુ વર્ષમાં અભ્યાસ કરતાં વિધાર્થીઓની સંખ્યા | રીમાર્ક |
|---|---|---|---|---|---|
| ૨૦૨૦-૨૧ | ૬ | ૬ | ૬ | - | - |
| ૨૦૨૨-૨૩ | ૬ | ૬ | ૪ | - | ૨ વિધાર્થીઓએ સરકારી નોકરી મેળવેલ છે |
| ૨૦૨૩-૨૪ | ૬ | ૬ | - | ૩ | ૨ વિધાર્થીઓએ સરકારી નોકરી મેળવેલ છે |

- **પી.જી. ઓરિએન્ટશન કમ ઇન્ટરેક્શન પ્રોગ્રામ.**

- માનનીય કુલપતિશ્રીની અધ્યક્ષતામાં અનુસ્નાતક કક્ષાએ પ્રવેશ મેળવેલ વિધાર્થીઓનો પી.જી. શિક્ષકો સામે પરિચય થાય, વિધાર્થીઓનો ઉત્સાહ વધારવા તેમજ ફેકલ્ટીના મુશ્કેલીને સમજવા આયોજન કરવામાં આવી.





## (૨) પ્રાકૃતિક કૃષિ યુનિવર્સિટી હસ્તગત ચાલતી સંશોધન ની કામગીરી:

**જમીનના નમૂનાના પૃથ્થકરણ :**

- પ્રાકૃતિક, ઓર્ગેનિક, અને રાસાયણિક ખેતી કરતાં ખેડૂતોના ખેતરની જમીનના નમૂનાઓનું પૃથ્થકરણ

| ક્રમ | ઝોન | જમીનના નમૂનાઓની કુલ સંખ્યા |
|---|---|---|
| 1. | ઉત્તર ગુજરાત | ૬ |
| 2. | દક્ષિણ ગુજરાત | ૫૭ |
| 3. | મધ્ય ગુજરાત | ૨૯ |
| 4. | સૌરાષ્ટ્ર | ૭૩ |
| | **કુલ** | **૧૬૫** |

રીમાર્ક : જેમાં હાલ મળેલા પૃથ્થુંકરણના આધારે તેઓની ખેતીમાં ખેડૂતના ખેતરે ખેતરની હાલની અવસ્થા બાબતે ધ્યાન દોરીએ છીએ.

**આવનાર ખરીફ ૨૦૨૩માં યુનિવર્સિટીના જાંબુડી ફાર્મ ખાતે સંશોધનની કામગીરી**









**આવનાર ખરીફ ૨૦૨૩ પ્રાકૃતિક કૃષિમાં ખેડૂતના ખેતરે કરવામાં આવનાર અખતરા માટે બિયારણ વિતરણ :**





**(૩) વર્ષ દરમિયાન પ્રાકૃતિક કૃષિ યુનિવર્સિટી દ્વારા હાથ ધરવામાં આવેલ વિવિધ વિસ્તરણની પ્રવૃતિઓ :**

| ક્રમ | વિસ્તરણની પ્રવૃતિઓ | કુલ પ્રવૃતિઓ | લાભાર્થીઓ ની કુલ સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ખેડૂત તાલીમ | ૦૮ | ૩૦૭ |
| ૨ | પ્રાકૃતિક ખેતી જાગૃતિ કાર્યક્રમ | ૦૮ | ૨૮૯૦ |
| ૩ | એક્સપોઝર વિઝીટ | ૦૨ | ૯૮ |
| ૪ | મોડેલ ડેમો સ્ટ્રેશન | ૨૩ | ૨૩ |
| ૫ | ખેડૂત શિબીર | ૨૦ | ૧૯૭૭ |
| ૬ | ખેડૂતો સાથે વેબીનાર | ૧૨ | ૪૪૩ |
| ૭ | “ગૌદાન” પ્રવૃતિઓ | ૦૫ | ૪૪ |
| ૮ | પ્રાકૃતિક કૃષિ પ્રશિક્ષક શોધ કાર્યશાળા | ૦૭ | ૧૮૮૧ |
| ૯ | સર્ટિફિકેટ કોર્ષ ઑન “Natural Farming” | ૦૧ | ૧૫ |
| ૧૦ | પ્રાકૃતિક કૃષિ કૌશલ્ય તાલીમ | ૦૧ | ૩૯ |
| ૧૧ | ખેડૂતના ફાર્મની મુલાકાત | ૨૬ | ૬૪ |
| **કુલ** | | **૧૧૩** | **૭૮૦૩** |

**પ્રાકૃતિક કૃષિ પ્રશિક્ષક શોધ કાર્યશાળા**

| તારીખ | કાર્યશાળા સ્થળ | ભાગ લેનાર ખેડૂતો | માસ્ટર્સ ટ્રેનર્સ | સમાવિષ્ટ જિલ્લા | વિશેષ ઉપસ્થિતિ |
|---|---|---|---|---|---|
| ૨૩, ૨૪ નવેમ્બર ૨૦૨૨ | ગાંધીનગર | ૧૦૩ | ૭૦ | મહેસાણા<br>પાટણ<br>બનાસકાંઠા<br>અરવલ્લી<br>ગાંધીનગર<br>અમદાવાદ<br>સાબરકાંઠા | - મહામહિમ રાજ્યપાલશ્રી ગુજરાત રાજ્ય, આચાર્ય દેવવ્રતજી<br>- ડો. બલજીતસિંહ સહરન(સિનિયર સાઇન્ટિસ્ટ,માઇક્રોબાયોલોજી એચ.એ.યુ., હિસાર)<br>- શ્રી એચ. કે. વઢવાનીયા આઈ. એ. એસ.(રાજ્ય નોડલ અધિકારી, આત્મા)<br>- પ્રો. ડો. જે. જે. વોરા (કુલપતિશ્રી હેમચંદ્રાચાર્ય ઉતર ગુજરાત યુનિવર્સિટી)<br>- શ્રી ડી. જી. પટેલ આઈ. એ. એસ. (ઓ. એસ. ડી. પ્રાકૃતિક કૃષિ)<br>- ડો. કે. જી. મહેતા<br>- શ્રી પ્રફુલભાઈ સેંજલિયા<br>- ડો. રમેશભાઈ સાવલિયા નિવૃત મદદનીશ પશુપાલન નિયામક, જુનાગઢ |
| ૭, ૮ ફેબ્રુઆરી, ૨૦૨૩ | નવસારી | ૧૫૦ | ૮૧ | નવસારી<br>સુરત<br>ડાંગ<br>તાપી | - ડો. ઝેડ.પી.પટેલ (માનનીય કુલપતિશ્રી ન.કૃ.યુ. નવસારી)<br>- શ્રી ડી. જી. પટેલ આઈ. |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | બનાસકાંઠા<br>ભરૂચ<br>વલસાડ<br>પાટણ | એ. એસ. (ઓ. એસ. ડી.) પ્રાકૃતિક કૃષિ,ગાંધીનગર<br>- ડો. આર. એમ. નાયક (આચાર્યશ્રી એન. એમ. કોલેજ ઓફ એગ્રિકલ્ચર)<br>- ડો. રમેશભાઈ સાવલિયા નિવૃત મદદનીશ પશુપાલન નિયામક, જુનાગઢ |
| ૧૧,૧૨,૧૩ માર્ચ, ૨૦૨૩ | જુનાગઢ | ૩૪૭ | ૨૧૪ | બોટાદ<br>ભાવનગર<br>દેવભૂમિ દ્વારકા<br>જામનગર<br>જુનાગઢ<br>પોરબંદર<br>બોટાદ<br>રાજકોટ<br>સુરેન્દ્રનગર<br>અમરેલી<br>ગીરસોમનાથ<br>મોરબી | - મહામહિમ રાજ્યપાલશ્રી ગુજરાત રાજ્ય, આચાર્ય દેવવ્રતજી<br>- ડો. વી. પી. ચોવટિયા (કુલપતિશ્રી જુ. કૃ. યુ.)<br>- ડો. એ. આર. પાઠક (પૂર્વ કુલપતિશ્રી જુ. કૃ. યુ.)<br>- ડો. ડી. જી. પટેલ (આઈ. એ. એસ. ઓ. એસ. ડી.)<br>- શ્રી પ્રફુલભાઈ સેંજલિયા<br>- ડો. રમેશભાઈ સાવલિયા નિવૃત મદદનીશ પશુપાલન નિયામક, જુનાગઢ |
| ૩,૪ ૫ એપ્રિલ ૨૦૨૩ | આણંદ | ૭૩૧ | ૩૫૯ | આણંદ<br>અમદાવાદ<br>અમરેલી<br>કચ્છ<br>ખેડા<br>ગાંધીનગર | - મહામહિમ રાજ્યપાલશ્રી ગુજરાત રાજ્ય, આચાર્ય દેવવ્રતજી<br>- ડો. કે. બી. કથીરિયા (માન. કુલપતિશ્રી આ.કૃ.યુ., આણંદ) |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | છોટાઉદેપૂર<br>જામનગર<br>જુનાગઢ<br>દાહોદ<br>દેવભૂમિ દ્વારકા<br>નર્મદા<br>નવસારી<br>પંચમહાલ<br>પાટણ<br>બંસકાંઠા<br>બોટાદ<br>ભરૂચ<br>મહીસાગર<br>ભાવનગર<br>મોરબી<br>વડોદરા<br>સાબરકાંઠા<br>સુરેન્દ્રનગર<br>સુરત | - ડો. એચ. બી. પટેલ (વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, આ.કૃ.યુ., આણંદ)<br>- ડો. એમ. કે. ઝાલા (સંશોધન નિયામકશ્રી, આ.કૃ.યુ., આણંદ)<br>- ડો. વાય. એમ. શુક્લા (આચાર્યશ્રી અને વિધ્યાશાખાધ્યક્ષશ્રી, આ.કૃ.યુ., આણંદ)<br>- શ્રી પ્રફુલભાઈ સેંજલિયા (પ્રાકૃતિક કૃષિ સંયોજક)<br>- શ્રી એ. ડી. પટેલ (ઓ. એસ. ડી., કુલસચિવશ્રી ગુ.ને.ફા.ઓ.એ.યુ., હાલોલ કેમ્પ., આણંદ)<br>- શ્રી પી. બી. ખીસ્તરીયા (ડેપ્યુટી ડાઇરેક્ટર, આત્મા પ્રોજેક્ટ, ગાંધીનગર)<br>- ડો. બલજીતસિંહ સાહરન (સિનિયર સાઇન્ટિસ્ટ,માઇક્રોબાયોલોજી એચ.એ.યુ., હિસાર)<br>- ડો. રમેશભાઈ સાવલિયા નિવૃત મદદનીશ પશુપાલન નિયામક, જુનાગઢ |
| ૨૫, ૨૬, ૨૭ | આણંદ | ૩૩૬ | ૨૨૪ | આણંદ | - ડો. રમેશભાઈ સાવલિયા |

| | | | | | |
|---|---|---|---|---|---|
| એપ્રિલ ૨૦૨૩ | | | | અમદાવાદ<br>અમરેલી<br>ખેડા<br>ગાંધીનગર<br>છોટાઉદેપુર<br>જુનાગઢ<br>દાહોદ<br>ભરૂચ<br>પંચમહાલ<br>મહીસાગર<br>મહેસાણા<br>મોરબી<br>વડોદરા<br>સુરેન્દ્રનગર | નિવૃત મદદનીશ પશુપાલન નિયામક, જુનાગઢ<br>- પ્રોજેક્ટ ડાઇરેક્ટર આત્મા, ખેડા, નર્મદા, પંચમહાલ, દાહોદ, મહીસાગર, સુરેન્દ્રનગર |
| ૨૭, ૨૮ એપ્રિલ, ૨૦૨૩ | નવસારી | ૧૧૯ | ૧૧૦ | સુરત<br>તાપી<br>વલસાડ<br>ડાંગ<br>નવસારી | |
| ૨૯ એપ્રિલ, ૨૦૨૩ | કચ્છ | ૩૮ | ૧૭ | કચ્છ | |
| ૨ મે, ૨૦૨૩ | કચ્છ | ૧૨ | ૧૦ | કચ્છ | |
| | | **કુલ = ૧૮૩૬** | **૧૦૮૫** | | |





પ્રાકૃતિક પ્રશિક્ષક શોધ કાર્યશાળા – ગાંધીનગર



પ્રાકૃતિક પ્રશિક્ષક શોધ કાર્યશાળા – નવસારી






પ્રાકૃતિક પ્રશિક્ષક શોધ કાર્યશાળા – આણંદ

## પ્રેરણા પ્રવાસ :

ગુજરાત રાજ્ય બહારના તેમજ રાજ્ય અંદર અને જિલ્લામાં ખેડૂતો દ્વારા અપનાવવામાં આવતી પ્રાકૃતિક ખેતી પધ્ધતિને પ્રત્યક્ષ નિહાળી જાણકારી મેળવે અને પોતાની ખેતીમાં પ્રાકૃતિક ખેતીના ખૂટતા આયમો અપનાવી સાચી દિશામાં આગળ વધે તે હેતુ થી ગુજરાત નેચરલ-ફાર્મિંગ એન્ડ ઓર્ગેનિક એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી દ્વારા નીચેની વિગતે પ્રેરણા પ્રવાસનું આયોજન કરવામાં આવેલ છે.

નવસારી જિલ્લાના પ્રાકૃતિક ખેતી કરતાં ૬૫ જેટલા મહિલા ખેડૂતોને ગુરુકુલ કુરુક્ષેત્ર (હરિયાણા) અને ડૉ.વાય. એસ. પરમાર યુનિવર્સિટી ઓફ હોર્ટીકલ્ચર એન્ડ ફોરેસ્ટ્રી નૌની, સોલનની પ્રેરણા પ્રવાસ ગુજરાત નેચરલ એન્ડ ઓર્ગેનિક એગ્રીકલ્ચર યુનિવર્સિટી દ્વારા તારીખ ૧૯ થી ૨૫ સપ્ટેમ્બરના રોજ યોજવામાં આવ્યો હતો. આ દરમિયાન મહિલા ખેડૂતોએ પ્રાકૃતિક ખેતીના પાંચ સિધ્ધાંતો બરાબર સમજ્યા અને પ્રાકૃતિક ખેતીના મોડેલ ફાર્મની મુલાકાત લઈ તેમણે વૈજ્ઞાનિક ઢબે સમજ્યું.





**પ્રેરણા પ્રવાસ** - ગુરુકુલ કુરુક્ષેત્ર, પ્રાકૃતિક ખેતીના મોડેલ ફાર્મની મુલાકાત

## પ્રાકૃતિક કૃષિ સર્ટિફિકેટ કોર્સ બેઝીક, ઇન્ટરમીડીએટ અને એડવાંન્સ

| તાલીમ | તારીખ | મુલાકાત સ્થળ | લાભાર્થી ખેડૂતો | જિલ્લાનો સમાવેશ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| બેઝિક | ૧૪ થી ૧૮, નવેમ્બર ૨૦૨૨ | ગીરી ફાર્મ, નરસંડા | ૨૭ | દાહોદ, ભાવનગર, નર્મદા, | પ્રાકૃતિક કૃષિ પ્રમાણપત્ર તાલીમ નું આયોજન અનિકેત |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ઇન્ટરમીડીએટ | ૨૦ થી ૨૪, ફેબ્રુઆરી ૨૦૨૩ | પ્રાકૃતિક ફાર્મ, ઓલપાડ અને સંકલિત ખેતી પધ્ધતિ, સોલધરા | ૧૫ | તાપી, સુરત, જુનાગઢ | ફાર્મર્સ હોસ્ટેલ, બોરસદ ચોકડી, આણંદ ખાતે કરવામાં આવ્યું હતું. |
| એડવાંન્સ | ૩ થી ૭, જુલાઇ ૨૦૨૩ | બંસી ગીર ગૌશાળા, અમદાવાદ | ૧૫ | | |





પ્રાકૃતિક કૃષિ સર્ટિફિકેટ કોર્સ બેઝીક, ઇન્ટરમીડીએટ અને એડવાંન્સ

### પ્રાકૃતિક કૃષિના ઋષિ પૂજ્યશ્રી ભાસ્કરદાદા સાવેજીની શતાબ્દી નિમિતે વિચાર ગોષ્ઠી કાર્યક્રમ

ભાસ્કર સાવેજીના પ્રાકૃતિક ફાર્મ કલ્પવૃક્ષ ખાતે તા. ૧૬-૦૮-૨૦૨૨ ના રોજ પ્રાકૃતિક-વ-ઑર્ગેનિક કૃષિ વિશ્વ વિદ્યાલય ,કિસાનસંઘ વલસાડ અને સાવેજી પરીવારના સંયુક્ત પ્રયાસથી પ્રાકૃતિક કૃષિ અન્વયે વિચાર ગોષ્ઠીનું આયોજન રાજ્યના નાણા મંત્રી કનુભાઈ દેશાઈની ઉપસ્થિતમા થયું. જેમાં રાષ્ટ્રિય સંગઠન મંત્રી દિનેશ કુલકર્ણીજી, ડો. ખીમાણી સાહેબ, ડો. નિલમ પટેલ, ડો. બલજીત સહરન, શ્રી પ્રફુલ્લ ભાઈ શેંજલિયા, શ્રી દીક્ષિતભાઈ પટેલ, શ્રી કપિલભાઈ શાહ, વેલજીભાઈ ભુડીયા, મનોજભાઈ સોલંકી, ગોપાલ સુતરિયાજી, ડો. શર્માં, પરેશભાઈ વ્યાસ, બી કે પટેલ, પ્રવીણ પટેલ સહ અનેક મહાનુભાવો સાથે ઉંડાણથી ચર્ચા કરી. ભરતભાઈ દેશાઈ,શશીકાંતભાઈ અને ડો મેવાડાજીએ સમગ્ર આયોજનમા ખૂબ જહેમત ઉઠાવી હતી.

### યુનિવર્સિટી દ્વારા યોજાયેલ પ્રાકૃતિક કૃષિ તાલીમ વર્ગ (૨૮,૨૯-૦૯-૨૦૨૨)

| તારીખ | તાલીમ | લાભાર્થીઓની | સ્થળ |
|---|---|---|---|

| | | સંખ્યા | |
|---|---|---|---|
| ૨૮,૨૯-૦૯-૨૦૨૨ | પ્રાકૃતિક કૃષિ બે દિવસીય તાલીમવર્ગ | ૨૩ | અનિકેત ખેડૂત છાત્રાલય, આણંદ |
| ૧૦,૧૧-૧૨-૨૦૨૨ | પ્રાકૃતિક કૃષિ પ્રશિક્ષક તાલીમવર્ગ | ૫૦ | નંદનવન ગૌશાળા, સણવલ્લા |
| ૨૮-૦૫-૨૦૨૩થી ૦૩-૦૬-૨૦૨૩ | પ્રાકૃતિક કૃષિ કૌશલ્ય તાલીમ | ૪૦ | જે. વિ. બી. સ્મારક હાઇસ્કૂલ, ઉમરસાડી, વલસાડ |
| ૨૩-૦૬-૨૦૨૩ | પ્રાકૃતિક કૃષિ ખેડૂત શિબિર | ૫૦ | કાશીબા હૉલ, અજરપુરા, આણંદ |




પ્રાકૃતિક કૃષિ પ્રશિક્ષક તાલીમવર્ગ, સણવલ્લા



બે દિવસીય તાલીમવર્ગ




પ્રાકૃતિક કૃષિ કૌશલ્ય તાલીમ



ખેડૂત શિબિર, અજરપુરા

**ખેડૂત સંમેલન ઉમતા - કોઠાવ (૧૨/૦૨/૨૦૨૩)**

મુ. કોઠાવ, તા. કરજણ, જી. વડોદરા ખાતે RSS દ્વારા ડો. હેગડેવાર જન્મ શતાબ્દી ઉજવણી અવસરે ગ્રામ સંમેલન પ્રોગ્રામ અંતર્ગત ગામડું બોલે છે સંવાદ માં ગુજરાત નેચરલ ફાર્મિંગ એન્ડ ઓર્ગેનિક એગ્રીકલ્ચરલ યુનિવર્સિટીના માન. કુલપતિશ્રી ડો. સી. કે. ટીંબડિયાએ ભાગ લીધો હતો. ગ્રામ વિકાસ વિભાગ દ્વારા ચલો ગાંવ કી ઔર અને ચલો ગાય કી ઔર ચરીતાર્થ કરી રાષ્ટ્ર નિર્માણ નું સુંદર કાર્ય થઈ રહ્યું હોવાના દર્શન માન. કુલપતિશ્રી ને થયા હતા. આ પ્રસંગે પૂજ્ય નિત્યાનંદ સ્વામી, ડો. જયંતિભાઈ, ડો. વિક્રમ ભાઈ, ડો. બોરસી, ડો. અખીલેશ

પાંડે, MA કરજણ શ્રી પટેલ, MA આમોદ સ્વામી તથા મહાનુભાવો ના પરીચય સાથે પ્રાકૃતિક કૃષિ યુનિવર્સિટી ની સ્થાપના અને હેતુ સબબ ચર્ચાં હાથ ધરી હતી. આ ઉપરાંત મુ. ઉમતા, તા.






વિસનગર, જી. મહેસાણા ખાતે આજ દિવસે ગ્રામ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું તેમાં ૫૦૦૦ જેટલા ખેડૂતોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ગુજરાત નેચરલ ફાર્મિંગ એન્ડ ઓર્ગેનિક એગ્રીકલ્ચરલ યુનિવર્સિટીના સંશોધન નિયામકશ્રી ડો. કે. ડી. મેવાડા હજાર રહ્યા હતા અને તેમના માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટીની ટીમ દ્વારા પ્રાકૃતિક કૃષિ સ્ટોલ લગાવવામાં આવ્યો હતો તેમાં પ્રાકૃતિક ખેતીમાં ઉપયોગી દ્રવ્યોનું લાઈવ ડેમોસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું.

## મહાનુભાવોની ઉપસ્થિતિમાં યુનિવર્સિટી દ્વારા યોજાયેલ શિબિર વ્ તાલીમ

| કાર્યક્રમ | તારીખ | સ્થળ | ખેડૂતોની સંખ્યા | વિશેષ ઉપસ્થિતિ |
|---|---|---|---|---|
| અક્ષય તૃતીયા ભૂમિ પૂજન વ્ ખેડૂત શિબિર | ૨૩-૦૪-૨૦૨૩ | યુનિવર્સિટી મુખ્ય મથક, જાંબુડી ફાર્મ હાલોલ | ૧૦૦ | શ્રી જયદ્રતસિંહ પરમાર, પૂર્વ કૃષિ મંત્રી અને ધારાસભ્ય, હાલોલ |
| પ્રાકૃતિક કૃષિ કૌશલ્ય તાલીમ | ૨૮-૦૫-૨૦૨૩થી ૦૩-૦૬-૨૦૨૩ | ઉમરસાડી | ૪૦ | શ્રી કનુભાઈ દેસાઇ (નાણામંત્રી, ગુજરાત રાજ્ય) |

| | | | | |
|---|---|---|---|---|
| યોગ શીબીર | ૨૧-૦૬-૨૦૨૩ | યુનિવર્સિટી મુખ્ય મથક, જાંબુડી ફાર્મ હાલોલ | ૧૫૦ | શ્રી જયદ્રતસિંહ પરમાર, પૂર્વ કૃષિ મંત્રી અને ધારાસભ્ય, હાલોલ |





**અક્ષય તૃતીયા ભૂમિ પૂજન વ્ ખેડૂત શિબિર - હાલોલ**





પ્રાકૃતિક કૃષિ કૌશલ્ય તાલીમ - ઉમરસાડી



આંતરરાષ્ટ્રીય યોગ દિવસની મુખ્ય મથક હાલોલ ખાતે ઉજવણી- ૨૦૨૩

**કુલપતિશ્રીની પ્રાકૃતિક કૃષિના સુજાવ માટે મહાનુભાવો સાથે યોજાયેલ બેઠક**

| તારીખ | વિશેષ ઉપસ્થિતિ | કામગીરી |
|---|---|---|
| ૦૪/૦૭/૨૦૨૨ | શ્રી જયદ્રતસિંહ (પરમાર, પૂર્વ કૃષિ મંત્રી અને ધારાસભ્ય, હાલોલ) | હાલોલ તાલુકાના સરપંચશ્રી સાથે સંવાદ |
| ૦૬/૦૭/૨૦૨૨ | શ્રી રાઘવજીભાઈ પટેલ (કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્ય ઉધ્યોગ, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ, ગુજરાત સરકાર) | શુભેચ્છા મુલાકાત |
| ૨૧/૦૭/૨૦૨૨ | શ્રી દિલીપભાઇ સંઘાણી (પૂર્વ કૃષિ મંત્રી) | કાર્યશાળા આયોજન બાબત શુભેચ્છા મુલાકાત |
| ૧૯/૦૯/૨૦૨૨ | માન. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ , માન. રાજ્યપાલશ્રી, આચાર્ય દેવવ્રતજી | કુરુક્ષેત્ર હરિયાણા ખાતે મુલાકાત |
| ૧૯/૦૯/૨૦૨૨ | માન. કૃષિ મંત્રી, રાજય કક્ષા, શ્રી કૈલાશ ચૌધરી | કુરુક્ષેત્ર હરિયાણા ખાતે પ્રાકૃતિક ફાર્મ મુલાકાત |
| ૨૬/૦૯/૨૦૨૨ | શ્રી પરસોતમભાઈ રૂપાલા (મંત્રીશ્રી, પશુપાલન અને મત્સ્યપાલન વિભાગ) | દિવ્યગ્રામ વિલેજ સંકલ્પ પ્રોગ્રામમાં પ્રાકૃતિક ખેતી અંગે ચર્ચા |
| ૦૪/૧૦/૨૦૨૨ | શ્રી મુકેશભાઇ પટેલ (કૃષિ રાજ્ય મંત્રીશ્રી) | પ્રાકૃતિક કૃષિની કામગીરી અહેવાલ રજૂ |
| ૨૧/૧૦/૨૦૨૨ | શ્રી મંગુભાઈ પટેલ, રાજ્યપાલ મધ્યપ્રદેશ | શુભેચ્છા મુલાકાત |
| 03/૧૧/૨૦૨૨ | શ્રી શૈલેન્દ્રસિંહ (કૃષિ સચિવ, મધ્યપ્રદેશ) | પ્રાકૃતિક કૃષિ વ્યાપ વધારવા અંગે ચર્ચા |
| ૦૮/૧૨/૨૦૨૨ | શ્રી ભગતસિંહ કોશયારી (રાજ્યપાલશ્રી મહારાષ્ટ્ર રાજ્ય) | મહાએગ્રીવિઝન ૨૦૨૨ |
| ૧૯/૧૨/૨૦૨૨ | શ્રી પીયૂષભાઈ દેસાઇ (પૂર્વ ધારાસભ્ય) | યુનિવર્સિટી કામગીરી ચર્ચા |
| ૦૮/૦૧/૨૦૨૩ | શ્રી જે. વિ. કાકડિયા (MLA ધારી),<br>શ્રી રાકેશ દેસાઇ (MLA નવસારી) | મહિલા દિવસ |
| ૨૨/૦૨/૨૦૨૩ | શ્રીમતી રેમ્યા મોહન (મિશન ડાયરેક્ટર, નેશનલ હેલ્થ મિશન, ગાંધીનગર) | હલકા ધાન્યમાં પ્રાકૃતિક કૃષિ |
| ૨૦/૦૪/૨૦૨૩ | શ્રી સી. આર. પાટિલ (નવસારી સાંસદ અને ભાજપ પ્રદેશ પ્રમુખ) | પ્રાકૃતિક કૃષિ મુહિમ પ્રચાર સબબ  ચર્ચા |

## જી.એન.એફ.ઓ.એ.યુ રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ અને અન્ય સંસ્થાઓ સાથે કરેલ એમ. ઓ.યુ.

### એમ.ઓ.યુ - એ.એ.યુ અને જી.એન.એફ.ઓ.એ.યુ


શનિવાર, તા. ૨૨-૫-૨૦૨૧ ૭

**ગુજરાત ઓર્ગેનિક કૃષિ યુનિ. અને આણંદ કૃષિ યુનિવર્સિટી વચ્ચે એમઓયુ**

**બંને યુનિ. વચ્ચે ફેકલ્ટી ડેવલપમેન્ટ, ઈન્પ્રુવમેન્ટ કાર્યક્રમ સહિત શૈક્ષણિક સંશોધન માટે ઈન્ફ્રાસ્ટ્રકચરનું આદાન પ્રદાન**

આણંદ, તા. ૨૧

એશિયામાં સર્વ પ્રથમ સ્થપાયેલ અને હાલોલ ખાતે મુખ્યમથક ધરાવતી ગુજરાત ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી અને આણંદ એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી વચ્ચે આજે તા. ૨૧ મે, ૨૦૨૧ ના રોજ આણંદ કેન્દ્ર ખાતે એમઓયુ કરવામાં આવ્યા હતા.

જેમાં બન્ને યુનિવર્સિટી વચ્ચે કૃષિમાં શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ પ્રવૃત્તિઓ માટે સુચારુ આદાન-પ્રદાન, કૃષિ નિષ્ણાતોની સેવા બન્ને યુનિવર્સિટી વચ્ચે ફેકલ્ટી ડેવલોપમેન્ટ અને ઈન્પ્રુવમેન્ટ કાર્યક્રમ ... ઉપલબ્ધ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વપરાશ જેવા વિષયો આવરી લેવામાં આવ્યા છે.

આ પ્રસંગે આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડો. કે.બી. કથીરીયાએ જણાવ્યું હતું કે આ એમઓયુથી ગુજરાતના કૃષિ સ્નાતકો, કૃષિકારો, પશુપાલકો અને પર્યાવરણમાં રસ ધરાવતા સર્વેને ખૂબ જ પ્રોત્સાહન મળશે. જે આગામી સમયમાં તંદુરસ્ત માનવ સમાજનું ઘડતર કરવામાં મોટુ પરિબળ બની રહેશે.

ગુજરાત ઓર્ગેનિક એગ્રીકલ્ચરલ યુનિવર્સિટીના કુલપતિ ડો. બી.આર. શાહે જણાવ્યું હતું કે ... સજીવખેતી સાથે એગ્રોનોમી તથા બાગાયત વિષયમાં અનુસ્નાતક શિક્ષણને વેગ મળશે અને વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાશે. કૃષિ નિષ્ણાતોની સેવા ઉપલબ્ધ થવાથી જૈવિક સંશોધનો હાથ ધરી શકવામાં સરળતા રહેશે. જે અંગે તેમણે આણંદ કૃષિ યુનિવર્સિટીનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે બંને યુનિવર્સિટીના સંશોધન નિયામકો, કુલસચિવો, આણંદ ખાતેની બ.અ. કૃષિ મહાવિદ્યાલય તેમજ બાગાયત કોલેજના ડીન તેમજ એગ્રોનોમી અને બાગાયત વિભાગના પ્રાધ્યાપક અને ...

### એમ.ઓ.યુ – એન.સી.એન.એફ. અને જી.એન.એફ.ઓ.એ.યુ



NATIONAL COALITION FOR NATURAL FARMING

GNFOAU

### મેમોરેન્ડમ ઓફ અંડરસ્ટેન્ડીગ(એમ.ઑ.યુ.)

આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ અને ગુજરાત નેચરલ ફાર્મિંગ એન્ડ ઓર્ગેનિક એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી, હાલોલ વચ્ચે તા ૨૧/૦૫/૨૦૨૧ ના રોજ એમ.ઑ.યુ. થયેલ જેમાં બંને ધ્વારા શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ ની પ્રવૃતી ને પ્રોત્સાહન આપવા તેમજ ફેકલ્ટી ડેવલોપમેન્ટ માટેની સમજૂતી થઇ.

નેશનલ કોલિશન ફોર નેચરલ ફાર્મીગ (ગુજરાત ચેપ્ટર), અમદાવાદ અને ગુજરાત નેચરલ ફાર્મિંગ એન્ડ ઓર્ગેનિક એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી, હાલોલ વચ્ચે તા ૧૪/૧૧/૨૦૨૨ ના રોજ એમ.ઑ.યુ. થયેલ જેમાં બંને ધ્વારા કેપેસીટી બિલ્ડિંગ પ્રોગ્રામ તેમજ માસ્ટર ટ્રેનર સંશોધન અને વિસ્તરણ ની કામગીરી અને ટ્રેનીગ મોડ્યુલ તૈયાર કરવાની કામગીરી માટેની સમજૂતી થઇ.

**અન્ય નોંધપાત્ર કામગીરી :**

| SR. NO. | ACTIVITIES | NUMBERS | REMARKS |
|---|---|---|---|
| **01** | Syllabus Preparation Committee | 03 syllabi | 13 meetings + 4 NCERT + 4 ICAR |
| **02** | Meetings with dignitaries | 22 | - |
| **03** | VC selection committee (Chaired) | 02 | 01-Completed, 01-Progress |
| **04** | MOUs | 18 | 04 signed<br>14 under process |
| **05** | Research papers on Natural Farming<br>Folders<br>Booklet<br>Book | 01 (Published)<br>04<br>01<br>- | 03 Under progress<br>01 Under progress<br>02 Under progress<br>01 Under progress |
| **06** | University committee formed | Board of Management, Academic council , Research Council,<br>Extension Education council, Construction committee | Formed |
| **07** | Tree Plantation | 02 | 80 |
| **08** | Government official meetings with different dept. | 13 | - |
| **09** | GNFOAU statute preparation | | In progress and will be finalised and submitted before end of April-2023 |

**મહામહીમ રાજ્યપાલશ્રીની ઉપસ્થિતિમાં થયેલ બેઠક :**



ગાંધીનગર રાજભવન ખાતે મહામહિમ રાજયપાલ આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતા હેઠળ પ્રાકૃતિક કૃષિની રાજયકક્ષાની સમિક્ષા બેઠક





રાજભવન ગાંધીનગર ખાતે મહામહિમ રાજયપાલ આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં રાજ્યના વ્યવસાયકારોની ઉપસ્થિતિમા પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ





ગાંધીનગર રાજભવન ખાતે મહામહિમ રાજયપાલ આચાર્યઁ દેવવ્રતજીની અધ્યક્ષતામા પીઠાધીપતિઓની ઉપસ્થિતિમાં પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ





ગાંધીનગર ખાતે મહામહિમ રાજયપાલ આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામા રાજયભરના ગૌશાળા સંચાલકશ્રીઓની ઉપસ્થિતિમાં પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ





મહામહિમ રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં નવસારી જિલ્લામાં પ્રાકૃતિક ખેતીના પ્રોત્સાહન અને આગામી આયોજન બેઠક





રાજભવન ગાંધીનગર ખાતે મહામહિમ રાજયપાલ શ્રી આચાર્યઁ દેવવ્રતજી ની અધ્યક્ષતામાં રાજ્યમાં પ્રાકૃતિક કૃષિ ની થયેલ કામગીરી અને આગામી રણનીતી માટે ની બેઠક

## મહાનુભાવો સાથે થયેલ બેઠક :




રાજ્ય કૃષિ મંત્રી શ્રીમાન બચુભાઈ ખાબડની ઉપસ્થિતિમા વન વિભાગ દ્વારા આયોજીત જિલ્લા કક્ષાના વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી




પદ્મશ્રી ગફુરભાઈ બિલખીયાના સાથે વલસાડ જિલ્લામાં પ્રાકૃતિક ખેતી માટે ગામોની પસંદગી માટે બેઠક

## ભરતી પ્રક્રિયા અને સ્ટાફની જરૂરીઆત:

| SR. NO. | ACTIVITIES | NUMBERS | REMARKS |
|---|---|---|---|
| 01 | Posts demanded during the establishment | 226 | For postgraduate, diploma and vocation courses in the university |
| 02 | Number of posts sanctioned in 2020 | 32 | Recruitment process is in progress |
| 03 | Number of posts filled since 2021 | 06 | 01 post on deputation (DR) |

| | | | |
|---|---|---|---|
| | | | 01 post from other department (R)<br><br>04 on out sourcing |
| 04 | Post proposed in 2023-24 budget<br><br>Associate Research Scientist- 04 posts | 04 | Approved in 2023-24 budget |
| | Class IV on contractual basis through out sourcing | 18 | Approved- 2023-24 |

## ભાવિ સંકલ્પના :

### શિક્ષણ

(૧) પ્રાકૃતિક કૃષિના ક્ષેત્રે અને યુનિવર્સિટી યોગ્ય ગણે તેવા બીજા ક્ષેત્રોમાં ડિપ્લોમા, અનુસ્નાતક અને વ્યાવસાયિક અભ્યાસક્રમના પ્રશિક્ષણ માટેની જોગવાઈ કરવામાં આવશે.

(૨) એક વર્ષનો નેચરલ ફાર્મીંગ ઉપરનો પી.જી. ડીપ્લોમાં કોર્સ શરૂ કરવામાં આવશે.

### વિસ્તરણ :

- ટૂંકા ગાળાની ખેડૂત તાલીમ  શરૂ કરવી.
- નેચરલ ફાર્મિંગ નો સર્ટિફિકેટ કોર્સ ચાલુ કરવો.
- RKVY અંતર્ગત ટ્રેનિંગ સેન્ટર શરૂ કરવું.
- ધોરણ ૧૨ પાસ વિદ્યાર્થીઓ માટે માતૃભાષામાં બે વર્ષનો વ્યવસાયિક અભ્યાસક્રમ શરૂ કરવો.
- વિસ્તરણ કાર્યક્રમો દ્વારા સંશોધનના તારણો અને ટેકનિકલ (તકનીકી) માહિતીના પ્રસાર માટે જોગવાઈ કરવાની, ખેડૂતો, ક્ષેત્ર કાર્યકરો, ગ્રામીણયુવકો અને યુનિવર્સિટીના કાયમી વિધાર્થીઓ તરીકે નોંધાયેલી ન હોય તેવી બીજી વ્યક્તિઓને તાલીમ પૂરી પાડવાની.

### સંશોધન

હાલમાં, પ્રાકૃતિ કૃષિમાં ના ક્ષેત્રમાં નિમ્નદર્શિત પાસાઓ પર વિવિધ સંશોધનો હાથ ધરવાની નેમ છે.

- ઇનપુટસ માનકીકરણ (Input Standardization)
- સ્વદેશી તાંત્રિકતા જ્ઞાન એકઠું કરવું અને ચકાસવું અને માન્યતા આપવી

- ગુજરાત રાજ્યના જુદા જુદા ખેત હવામાન વિભાગ માટે પ્રાકૃતિક ખેતી આધારિત સંકલિત કૃષિ પતિઓ ચકાસવી અને ખેડૂતોમાં પ્રચલિત કરવી.
- મોટા પાયા ઉપર પ્રાકૃતિક ઇનપુટસ ઉત્પાદન પદ્ધતિ વિકસાવવી. (Large Scale Organic/Natural Input Production System) (૫) પુનઃ પ્રાપ્ત ઉર્જા ના વિવિધ મોડલ ઉપર સંશોધન હાથ ધરવું (Renewable Energy)
- ગુજરાત રાજ્યના મુખ્ય પાકોની પ્રાકૃતિક પાક પદ્ધતિ ઉપર સંશોધન કરવું.
- પેસ્ટીસાઈડ રેસીડ્યુ લેબોરેટરી શરૂ કરવી.(Pesticide Residue Laboratory) જમીન અને પાણી ચકાસણી પ્રયોગશાળા શરૂ કરવી.
- દેશી બિયારણોનું જર્મપ્લાઝમ એકત્ર કરવું, નિભાવવું અને બાયોટેકનોલોજીના માધ્યમથી તેનું સંવર્ધન અને જતન કરવું.
- જમીન અને પાણી જેવાં કુદરતી સંસાધનોના જતન અને સંવર્ધન માટે વિવિધ સંશોધનો હાથ ધરવા.
- બાગાયત, પશુ સાર સંભાળ, મધમાખી ઉછેર, મત્સ્ય પાલન, એગ્રો ફોરેસ્ટ્રી જેવાં ક્ષેત્રોમાં પ્રાકૃતિક ખેતીને લગતા સંશોધનો હાથ ધરવામાં આવશે.

**આવનાર સમયમાં શરૂ થનાર પ્રાકૃતિક કૃષિના અખતરા નીચે મુજબ છે:**

**New projects proposal for 2023-24 at GNFOAU, Halol (Camp- Anand)**

| | Title of the project |
|---|---|
| 1 | Assessment of natural farming practices improvement the quality of agriculture production and sustain soil health on farmer's field in Gujarat |
| 2 | Development of a Multilayer Natural Farming Model Enabling Plant-soil Systems Research and Demonstration to Farmers |
| 3 | Capacity Build up and Market Growth Opportunities Through FPOs For Promoting Natural Farming in Gujarat. |
| 4 | Supporting farmers and build up their confidence in adoption of natural farming |

## યુનિવર્સિટી બાંધકામના વિકાસની સ્થિતિ:

- **મોર્ડન પ્રાકૃતિક ફાર્મિંગ ટ્રેનિંગ સેન્ટર:** પહેલા અને બીજા માળ પર આર. સી. સી. ફ્લોર તૈયાર.
- **યુનિવર્સિટી ભવન :** પ્લિન્થ લેવલ
- **પી. જી. ઇન્સ્ટિટ્યૂટ :** પ્રથમ માળના સ્લેબની કામગીરી ચાલુ.
- **બોયઝ હોસ્ટેલ :** બીજમાળના કૉલમની કામગીરી ચાલુ.

| | |
|---|---|
|  |  |
| બાંધકામના - પ્રાકૃતિક કૃષિ યુનિવર્સીટી હાલોલ | |
|  |  |
| બોયઝ હોસ્ટેલ | પી. જી. ઇન્સ્ટિટ્યૂટ |



યુનિવર્સિટી ભવન



મોર્ડન પ્રાકૃતિક ફાર્મિંગ ટ્રેનિંગ સેન્ટર

